સાલ : ૧૮ / સિલસિલાવાર નંબર : ૧૬૦ / શુમારો : ૪ بسم الله الرحمن الرحيم કુલ પાના - ૧૬

مشكوة الهادي

MISHKAAT UL HAADI

નાશિર : મરકઝે તરબીયતે મુમેનીન, અલ-વિઝારતુલ અલવીયાહ, વડોદરા. રજબુલ અસબ - શાઅબાનુલ કરીમ ૧૪૪૨ / માર્ચ - એપ્રિલ ૨૦૨૧

## ઝમીનની અજાએબાત

હમેં તમામ ઝમીન પર રહીએ છીએ, ઝમીન માંથી ઉગેલું જમીએ છીએ, ઝમીનનું પાની પીએ છીએ, ઝમીન પર ચાલીને-ફિરીને રોઝી વાસ્તે મહેનત કરીએ છીએ, ઝમીન પર મકાન બાંધીએ છીએ અને હમારી ઝિંદગીને બહેતર અને બાસુકૂન બનાવવા તરહ-તરહની ઝમીની નેઅમતોનો ઈસ્તેમાલ કરીને હર મુમ્કિન કોશિશ કરીએ છીએ. અલ્લાહતઆલાની આ તમામ નવાઝિશો-બખ્શિશોના બાવુજૂદ હમેં ઝમીનને તેના હક્ક મુજબ ઓલખતા નથી. તેની માઅરેફતમાં કચાશ રાખીએ છીએ. હમારી ઈન્સાની હૈસીયતથી ઘણી બધી ચીઝો ઝમીનથી લઈ લેવાનો હક્કતો જતાવીએ છીએ, પણ તેના તરફના ફરઝોને નઝરઅંદાઝ અને ફરામોશ કરી દઈએ છીએ.

દાઅવતે હક્ક તે એક મોટું મુલ્ક છે અને તેના માલિક અલ્લાહ અને અલ્લાહના હુજ્જત છે, નુમાઈંદા છે, પસંદીદહ બાકરામત સાહેબો છે. આ સાહેબો રબ્બુસ્સમાવાતે વલ અર્ઝ અલ્લાહતઆલા તરફથી આ અઝીમ મુલ્ક સંભાલે છે. **આ મુલ્કની ઝમીન, દાઅવતે હક્કની મુબારક ઝમીન છે.** હમેં તમામ આ મુલ્કના મમ્લૂક છીએ અને હમારા માલિક હમારા ઝમાનાના ઈમામે આલે મોહંમદ (અ.સ.) છે. આ મુલ્કની મમ્લેકતના માલિક હમારા આખિરી નબી મોહંમદ રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) છે. આપ આપના બાદ દીને ઈસ્લામના આ મુલ્કે અઝીમને મૌ.અલી અને આલે અલીને સિપુર્દ કરી ગયા છે. લેહાઝા, આજે આ મુલ્કે દાઅવતના માલિક ઈમામુઝઝમાન (અ.સ.) છે અને હમેં આપના પૈરો અને મુમિન છીએ.

આ મુલ્ક બે તરહના છે. એક તે જે હમને હમારી આઁખોથી દેખાય છે અને બીજું તે જે હમેં હમારી દિલની આઁખોથી જોઈએ છીએ. જે શખ્સ મુમિન બનીને આ ઝમીન પર મુલ્કે દાઅવતમાં પોતાની ઝિંદગી ગુઝારે છે એને અલ્લાહતઆલા એના મૌત બાદ આખેરતમાં તેની દાઅવત પર ઈમાન રાખવાના સબબ જન્નતની ઝમીનની નેઅમતથી નવાઝે છે. આ દુનિયાની ઝમીન તમામ વાસ્તે ખુલ્લી છે, આમ છે, મુબાહ છે, જેમ હક્કની દાઅવત તમામ વાસ્તે છે. મગર આકિલ અને મુત્તકી લોગો જ તે ઝમીનનો હક્ક અદા કરી શકે છે. મૌ.અલી (અ.સ.) ના હક્ક વાસ્તે પણ આ જ મુજબ બનું. **ખૂબ કમ લોગોએ આપ મૌલાની વિલાયતનો ઇકરાર કીધો.** લેહાઝા, આ દાઅવતની ઝમીન પર ઘર લેવું યા જગા લેવી, તે વાસ્તે મુમિન પર મૌ.અલીના દાઈને હક્કે સકનત અદા કરવું લાઝિમ થઈ જાય છે. જે શખ્સ ઝમીન પર રહે અને તેનો હક્ક અદા ન કરે તો એ ઝમીનના ઝરીએ આખેરતની હમેશાની ઝમીન તરફ પહોંચી શકતો નથી.

ઝમીનને લગતી ઘણી એવી ચીઝો છે કે, જેનું બયાન કુરઆને કરીમમાં છે અને તેને કાફિરો માનતા નથી. કાફિરો, બેઅસત - કબરમાંથી દફન થયેલા લોગોને ઉઠાવવામાં આવશે, તે બાબત ઈન્કાર કરે છે. ગુઝરી ગયેલા લોગો દોબારહ ઝિંદા થાશે તેમાં માનતા નથી. તો, અય નબી ! તમેં ગમગીન ના થાવ અને ઝમીન પર ચાલો, તો તમેં જોશો કે ગુનાહગારોનો હમેં કઇ તરહ અંજામ કરીએ છીએ અને તેઓ વાસ્તે કઇ તરહ હમેં અઝાબને કરીબ કરીએ છીએ. (બકીયાહ પેજ નં.૨ પર)

## નશો કરવું હરામ છે.

(પેજ નં. ૧ નું બાકી)

આ ઝમીનો આસ્માનમાં કોઇ એવી ઝાહિર યા ગાઇબ ચીઝ નથી કે, જેને અલ્લાહતઆલાએ તેને કિતાબે મુબીનમાં ના લખી હોય.

કુરઆને કરીમમાં **"દાબ્બતુલ અર્ઝ"** ની ઝિક્ર છે. આ એક ઝમીની અજાએબાત માંથી છે. કાફિરો આ "દાબ્બહ" માં યકીન રાખતા નથી મગર આ તે સાહેબ છે કે, જેના ઝાહિર થાવાથી તમામનો હિસાબ થાશે, તમામના આઅમાલ બંધ થઇ જાશે અને પછી કોઇનું ઇમાન મકબૂલ થાશે નહીં. હમારા બયાનાત મુજબ આ દાબ્બહની માઅના મૌ.કાઇમ (અ.સ.) ના એક હુજ્જતની છે કે, જે કેયામતના પહેલે ઝાહિર થાશે અને મૌ.કાઇમના આવવા પહેલા તમામ બાતિનને ઝાહિર કરી દેશે, બધી જ ભેદની ચીઝોને ખુલ્લી કરી દેશે.

**"દાબ્બહ"** ની ઝાહિરી માઅના એ થાય છે કે , ઝમીનમાં દર બનાવીને ખુફીયહ-છુપી રીતે ચાલનાર જાનવર, જેમ કે, ઊધઇ, કીડા, મંકોડા, સાપ, વગૈરા. આ તરહની ખિલ્કત ઝમીનની ઝાહિરી સતેહ પર દેખાતી નથી મગર તેની કાર્યવાહી, હરકત, નિઝામ અને ઝિંદગી અકસર કરીને ઝૈરે ઝમીન હોય છે. મૌ. સુલૈમાન નબી ના કિસ્સામાં પણ દાબ્બહની માઅના આપના વસીની છે. જે વક્ત મૌ.સુલૈમાનને કઝા આવી તો તે મૌત પર દાબ્બતુલ અર્ઝએ શાહેદી આપી, દલાલત કીધી. કે જે આપની લાકડી ખાય છે. આ દાબ્બહ તે ઊધઇના કીડા છે જે ઝાહિરી માઅના મુજબ બરાબર છે.

પણ ખુસૂસી માઅના એ છે કે, જે વક્ત મૌ.સુલૈમાનની રહેલત કરીબ થઇ તે વક્ત આપે આપના વસીને મખ્ફી તૌરથી કાઇમ કીધા. આપના વસીમાં સુલૈમાની તાઇદ જારી-સારી થઇ અને આ ફૈઝના સબબ આપના મુઆવિનો-જિન્નાતને જાણી લીધું કે, આપના વસી કૌન છે ? આપ આ દુનિયાથી કઇ આમ ને આમ ગુઝરા નથી પણ આપે વસીને કાઇમ કરીને ઇન્તેકાલ કીધો છે. આ તદબીર ખૂબ જ ખૂફીયહ તૌરથી થઇ, લેહાઝા વસીએ સુલૈમાનનું નામ **"દાબ્બતુલ અર્ઝ"** થી મશ્હૂર થયું.

પાઁચમા ફાતેમી ઇમામ મૌ.જાઅફરૂસ્સાદિક (અ.સ.) ફરમાવે છે કે, એક દિન રસૂલુલ્લાહ બાવાજી, મૌ.અલી પાસે આવા. આપ આપના માથાના નીચે હાથને મુકીને સુતા હતા. નબી સાહેબે આ જોઇને આપને પગોથી હરકત દીધી, હલ્લાવા અને ફરમાવું કે, **"ઉઠો, અય દાબ્બતુલ અર્ઝ !"** આ નિદા સાંભલીને એક સહાબીએ પૂછું કે, "યા રસૂલુલ્લાહ ! હમેં પણ મૌ.અલી ને આ નામથી પુકારી શકીએ ? યા એકબીજાને આ મુજબ કહી શકીએ ?" આપે ઇન્કાર કરી દીધો. કહ્યું કે, "આ નામ તો ફક્ત મારા અલી વાસ્તે છે. મૌ. અલી દાબ્બતુલ અર્ઝ તેના વાસ્તે છે કે, જે વક્ત આખિરી ઝમાન આવશે તે વક્ત અલ્લાહતઆલા આપને બહેતરીન સૂરત-શિક્લો શમાઇલમાં ઝાહિર કરશે અને આપના સાથે એક મીસમ હશે કે, જેથી આપ આપના દુશ્મનો પર નિશાન કરશે અને તેની ફિત્નતને ખુલ્લી પાડશે." દુશ્મને અલીને ખબર જ નહી પડે કે, તેની ફઝીહતી કઇ તરહ થઇ !

આ જ સિલસિલામાં એક બીજી રિવાયત આવી છે કે, મૌ.અમ્માર બિન યાસિર (રિ.અ.) ફરમાવે છે કે, મારા નઝદીક એક શખ્સ આવો અને કહ્યું કે, મને દાબ્બતુલ અર્ઝ વાલી આયતમાં શક-શુબેહ પૈદા થયો છે. મને સમઝ નથી પડતી કે આ "દાબ્બહ" કૌન છે ? મૈં કહ્યું કે, "ચલ મારા સાથે ! **હું ના ખાઇશ ના પીશ મગર તુંને દાબ્બહથી ઝરૂર મુલાકાત કરાવીશ.**" તે બાદ હું તે શખ્સને આકા અલી પાસે લઇ ગયો. આપ ખજૂર અને પનીર જમી રહ્યા હતા. આપે મને જોયો, બેસવાનું કહ્યું અને સાથે જમવાનું ફરમાવું. હું આપ મૌલા સાથે પનીર જમવા લાગો. તે શખ્સ તઅજ્જુબ કરીને મને કહેવા લાગો કે, અય અમ્માર ! તમેં તો મને હહ્યું હતું કે, જહાઁ તક તમેં મને દાબ્બહની મુલાકાત નહીં કરાવો વહાઁ તક

(બકીયાહ પેજ નં. ૧૪ પર)

**નશીલી ચીઝોને મૂઁહમાં લેવી હરામ છે.**

## દરસે લેસાનુદ્દાઅવત

### تين أعمال

ایک دن مولانا إمام علي زين العابدين ع م ني ایک لونڈي آپنے وضؤ کراوي رهي هتي۔ اتلا ما غفلة نا سبب ته لوٹو اهنا هاتھ ما سي چھٹکي گیو انے آپنا هاتھ پر واگي گیو۔ آپنو هاتھ زخمي تھیو۔ چند لمحات ما ته زخم ما سي و خون جاري تھیو۔ آ جوئي نے لونڈي خوب ج گبھرائي گئي انے کهوا لاگي كه، اے مولی! الله تعالی فرماوے چھے كه، الكاظمين الغيظ، يعني، مؤمنين تو غصة نے گلي جائي چھے۔ آپ تو مهارا آقا چھو۔ آپ سي آ امة پوتاني خطأ ني موں امید راکھي سکے چھے؟ آپ ية فرماوؤ كه، كظمنا غيظنا، هميں همارا غصة نے گلي گیا۔

لونڈي بولي كه، الله تعالی فرماوے چھے كه، و العافين عن الناس، يعني، مؤمنين تو لوگو نے معاف کري دے چھے، تو آپ تو مهارا آقا چھو۔ آپ سي آ امة پوتاني خطأ ني موں امید راکھي سکے چھے؟ آپ يه فرماوؤ كه، عفونا عنك، همیں تمنے معاف کري دیدا۔

لونڈي آپ مولی نے کهوا لاگي كه، الله تعالی فرماوے چھے كه، والله يحب المحسنين، يعني، الله إحسان کرناراؤ نے چاهے چھے۔ آپ مولی تو إحسان نا سرچشمه چھو۔ آپ ني نظر عنايت مهارا اوپر هر گھڑي رهے چھے۔ آپ يه فرماوؤ كه، أنت حرة لوجه الله، يعني، تو الله نا خاطر هوے آزاد چھے۔ آ إمامي كلام سانبھلي نے ته لونڈي خوش خوش تھئي گئي۔

إمام عالي مقام يه آ قصة ما تینے اعمال کري بتاوا۔ ته چھے، غصة نے پي جاوؤ، معاف کري دیوؤ انے في سبيل الله آزاد کري دیوؤ۔ آ طرح بے مثال عمل کرنار إمام آل محمد صلعم سوائي بیجو کون هوئي سکے! آپ ج خلق نا حاجتروا انے فرزند لافتی چھو۔

### ત્રણ આઅમાલ

એક દિન મૌલાના ઈમામ અલી ઝૈનુલ આબેદીન (અ.સ.) ની એક લોંડી આપને વુઝૂ કરાવી રહી હતી. એટલામાં ગફલતના સબબ તે લોટો એના હાથમાંથી છટકી ગયો અને આપના હાથ પર વાગી ગયો. આપનો હાથ ઝખ્મી થયો. ચંદ લમહાતમાં તે ઝખ્મમાંથી ખૂન જારી થયું. આ જોઈને લોંડી ખૂબ જ ગભરાઈ ગઈ અને કહેવા લાગી કે, અય મૌલા ! અલ્લાહતઆલા ફરમાવે છે કે, **"વલ-કાઝેમીનલ ગૈઝા"**, યાઅની, મુમેનીન તો ગુસ્સાને ગિલી જાય છે. આપ તો મારા આકા છો. આપથી આ અમત પોતાની ખતાની શું ઉમ્મીદ રાખી શકે છે ? આપે ફરમાવું કે, "કઝમના ગૈઝના", હમેં હમારા ગુસ્સાને ગિલી ગયા.

લોંડી બોલી કે, અલ્લાહતઆલા ફરમાવે છે કે, **"વલ-આફીના અનિન-નાસ"**, યાઅની, મુમેનીન તો લોગોને મુઆફ કરી દે છે, તો આપ તો મારા આકા છો. આપથી આ અમત પોતાની ખતાની શું ઉમ્મીદ રાખી શકે છે ? આપે ફરમાવું કે, **"અફૌના અનકે"**, હમેં તમને મુઆફ કરી દીધા.

(બકીયાહ પેજ નં. ૧૫ પર)

**નશો, છાક, એડીક્શન, મદહોશી, ડ્રગ્સ હરામ છે.**

## દરસે કુરઆને કરીમ

### સૂરતુલ બકરહ - ૨૭ અને ૨૮

**(૨૭)**

જે લોગો તોડી નાંખે છે અલ્લાહતઆલાના અહદો પયમાનને તે બાદ કે મીસાકને મઝબૂત કીધો હોય, અને તોડી નાખે છે તે હુકમને કે, જેને જોડી રાખવાનો અલ્લાહતઆલાએ અમર કીધો હોય. આ સાથે તેઓ બિગાડ કરે છે ઝમીનમાં. આ લોગો નુકસાન ઉઠાવનારા છે. આ આયતમાં ફાસિક કોને કહેવાય તેની નિશાનીઓ અને બદીઓ બયાન કરવામાં આવી છે. સાહેબે હક્કને ખિલાફ થાનાર, સામના પર આવનાર, અદાવત રાખનાર, તમામ ફાસિક છે.

ફાસિક તે શખ્સને કહેવાય કે, જે સાહેબે હક્કને અહદ-મીસાક આપીને તોડી નાખે અને અલ્લાહતઆલાએ જે ચીઝને મિલાવી રાખવાનો હુકમ કીધો હોય તેને કતઅ કરી નાંખે, કાપી નાંખે. જે મુજબ નુબૂવત પછી ઈમામતના સિલસિલાને માનવામાં અને તે આલે અત્હર પર ઈમાન લાવવામાં કોઈ કતઅ કરે, ઈમામે હક્કને કુબૂલ કરવામાં ઈન્કાર કરે, હાલાંકે ઈમામતનો આ મુબારક સિલસિલો તો કેયામત સુધી ઝમીનની પીઠ પર કાઈમ-દાઈમ રહેશે અને આ જ અલ્લાહ તરફ જાવાની મઝબૂત રૂહાની રસ્સી છે.

હકીકત એ છે કે, હરએક નબીની ઝુર્રીયતમાં ઈમામતનો સિલસિલો જારી રહ્યો છે, યહાઁ તક કે હમારા આખિરી નબી મોહંમદુલ મુસ્તફા (સ.અ.વ.વ.) તક આ અમરે ઈલાહી પહોંચો છે. આપ ઉપર તમામ રસૂલોનો ખાતમો છે અને આપના બાદ કોઈ નબી આવનાર નથી. **તો હવે ફક્તને ફક્ત આલે મોહંમદની ઇમામત જ હમારા વાસ્તે હિદાયતનો રસ્તો છે.** યાદ રહે કે, આ ઈમામતનો સિલસિલો નુબૂવતના બાદ છે યાઅની કે ઈમામે હક્ક, નબીએ હક્કના ખલીફા છે. અફસોસ કે, રસૂલુલ્લાહ બાવાજી પછી મુનાફેકીન-ફાસેકીને સાહેબે હક્ક મૌ.અલીની નસ્સ અને વસાયતમાં ના માનીને આ અમરે ઈલાહી અને સુન્નતે નબવીયહને કતઅ કીધી કે, જેને મિલાવી રાખવાનો હુકમ હતો, માનવાનું ફરમાન હતું અને કુબૂલ કરી લેવાનું ફરઝ હતું.

તો તમામથી ઝિયાદહ ગુનાહગાર તે છે કે જેના ઉપર આલે મોહંમદ (સ.અ.) ના ઈમામે હક્કનો મિસાક-અહદ લેવાયો હોય, એમની વિલાયત પર ચાલવાનું વચન લેવાયું હોય અને તે પછી તે ગુનાહગાર તે વચનને તોડી નાંખે. આ સાથે જેને કુબૂલ કીધું હોય તેનાથી ઈન્કાર કરી બેસે, જેના તરફ જાવાનું કહ્યું હોય તેનાથી રસ્તો બદલી નાંખે. **વિલાયતે ઇમામના બધા જ રસ્તાઓ કતઅ કરી દે અને ઝમીનમાં ફસાદ પૈદા કરે.** આ તરહના ફાસિકો ખોટીયાઓ છે, ખાસેરીન છે, તેઓની આખેરતને ખોટમાં નાંખનાર છે. આ તરહની તેઓની તદબીરો અલ્લાહતઆલા બેકાર કરશે, ઝાયેઅ કરશે અને તેઓના આઅમાલને નાકામ કરશે, ગુબાર જેમ હવામાં ઉડાવી દેશે.

**(૨૮)**

અય ફાસિકો, મુનાફિકો, ફાજિરો ! તમેં અલ્લાહતઆલાના ફરઝોનો અને નબી સાહેબની સુન્નતોનો કઈ તરહ ઈન્કાર કરી શકો, હાલાંકે તમેં તો મુરદાર હતા, બેજાન હતા, ગુમનામ હતા પછી તમને ઝિંદા કીધા, કરમ કરીને તમને જાનદાર બનાવા. તમારી ઝિંદગી ખત્મ થાશે, તમને તે જ અલ્લાહ મૌતનો લિબાસ પહેરાવી દેશે. તે પછી પાછા તમને ઝિંદા કરશે. તે પછી તમેં અલ્લાહતઆલા તરફ વાલા જાશો, તમને પૈશે ખુદા કરવામાં આવશે.

કુરઆને કરીમમાં ચંદ આયતો એવી છે કે, જેમાં મૌતની ઝિક્ર છે. આ મૌત હકીકી મૌત નથી કે જેમાં ઈન્સાનના જિસ્મમાંથી જાન નિકલે છે. મગર આ મૌત ગુમ્રાહી, જેહાલત, દિલનો અંધાપો અને કુફ્રનો રસ્તો છે. (બકીયાહ પેજ નં. ૧૦ પર)

**તંબાકું જહન્નમનું દરખ્ત છે.**

# અલ-અકાઈદુલ અલવીયહ - કિસ્ત-૧૫
## અલવી અકીદાઓ - અકીદો - ૨૬ અને ૨૭

**મુકદ્દેમો - પ્રસ્તાવના :**

જે લોગોને ઈલ્મ જ નથી કે, દાઅવતે ફાતેમીયહ ઈસ્માઈલીયહ માં ઈલ્મી નિઝામ કઈ તરહનો હોય છે, નવા શાગિર્દો યા ઈલ્મના તલબગારોને કિતાબો પઢવાની રઝા અને દરસમાં શામિલ થાવાની ઈજાઝત તેમજ દરસ પઢીને ઈલ્મની તરક્કી અને દરજાઓ પર એક-એક કદમ મુકીને તેમાં ચઢવાની કેફીયત કેવી હોય છે, તેઓ જેહાલતના સબબ અને બાતિલ - પરસ્તોની જાનિબદારીના સબબ ઈલ્ઝામ-તરાશી કરે છે. કહે છે કે, હમારી તૈયેબી-અલવી જમાઅતની કોઈ અદબ-લિટરેચરની કિતાબ જ નથી. હમારા દરમિયાન ફિકેહની કે જેમાં હલાલો હરામનું બયાન હોય, અખ્બારની કે જેમાં હિસ્ટરી-તારીખ હોય, આદાબે ઈન્સાનીની, દીની સવાલાતની, ગૈર લોગોની અકીદાઓ વાસ્તે હુજ્જત-દલીલોની, કુરઆને કરીમની તફસીરો તાવીલની, દુનિયાની તખ્લીકની ઈબ્તેદા અને ઈન્તેહાના બયાનોની, મુખ્તલિફ ચીઝોની પૈદાઈશ અને હકીકતોની કોઈ કિતાબ જ હાઝિર નથી.

આવા લોગો ખોટા ભરમમાં છે અને ભારી ગલતીમાં છે. હમારી ઈસ્માઈલી-તૈયેબી-અલવી બોહરા જમાઅતની ઈલ્મી-મઝહબી કિતાબોનો ખઝાનો એટલો વસીઅ અને બલંદ-પાયા છે કે, હર કોઈ અદના શખ્સ કે જેને ઈલ્મી ઝૌકો-શૌક હોય, પાકો સાફ ઝહેન હોય, મુખ્લેસાના દિલ હોય તે દરજા-બ-દરજા રઝાના સાહેબ નઝદીક દરસ-મુતાલેઓ કરી શકે છે. હર હફતે જે દરસ થાય છે તેમાં સાહેબે દાઅવતનો ઈલ્મ પઢાવવાનો આ જ તરીકો હોય છે. આ તરહ તબકા-દર-તબકા આહિસ્તા આહિસ્તા તાલિબે ઈલ્મના દિલમાં **રઝાના સાહેબ હમારો સહી તસવ્વુર, સાચો અકીદો અને ખૈર અમલની રગબત પૈદા કરે છે.** આ ચીઝ એક વક્તની મુલાકાતમાં મુમ્કિન નથી. શાયદ કે, પૂરી ઝિંદગી પણ કમ પડી જાય, મગર ઈલ્મને પઢવું કોઈ વક્ત ખત્મ થાય નહીં.

હમેં કારેઈનની ખિદમતમાં એ પણ અરઝ કરીએ છીએ કે, હમારા ફાતેમી ઈમામોનો સિલસિલો આજે પણ જારીયહ-સારીયહ છે અને તે યૌમે કેયામત તક ચાલું રહેશે. તેથી એમના તમામ દોઆત, જેઓ એમના ઝમાનએ ઝુહૂર (ઈમામની ઝાહિરી ઈમામત) માં હતા, તેઓ એમના વક્તના ઈમામથી સીધા રાબેતામાં હતા, ઈલ્મી તઅલ્લુકાતથી જોડાયેલા હતા. આ સબબથી આ દોઅતની કિતાબોમાં તહેરીરશુદા કલામ તે હૂબહૂ, હરફન-હરફન, લફઝન-લફઝન ઈમામના કલામ હતા. તેમાં શક-શુબેહની કોઈ ગુંજાઈશ ન હતી. તેની સાબિતી, સચ્ચાઈ યા હકીકતની સનદ-સર્ટીફીકેટ વાસ્તે ઉલટ-તપાસની કોઈ ઝરૂરત ન હતી. સદીઓથી દોઆતે મુત્લકીન (આ.કુ.) નો સિલસિલો ૨૧ માં ફાતેમી ઈમામ મૌ.તૈયેબ (અ.સ.) ના સતર-પડદામાં જાવા બાદ યમનથી જારીયહ છે.

ઈમામુઝ્ઝમાન (અ.સ.) ની રઝા, તાઈદ અને ઈલ્હામથી કાઈમ થાનાર તમામ દાઈએ હક્કના કલામ પણ હુબહૂ ઈમામના જ ફરમાન અને કલામ હોય છે. કેમકે, કોઈ પણ દાઈ એમના માલિક, મુખ્તાર અને મુરબ્બીના ગૈબી અહેસાનાત થી જ દાઅવત કરે છે. **હમારૂં દીન રઝાનું દીન છે, ઇતાઅતનું દીન છે, ખુશ્નૂદીનું દીન છે, હુકમ-રવાઇનું દીન છે, ઇકરારો તસ્લીમનું દીન છે, સાદગીનું દીન છે, સદાકત અને પાકીઝગીનું દીન છે.** દાઈએ હક્કના ઝમાનમાં કોઈ પણ આલિમ અગર કિતાબ લખવા ચાહે તો દાઈના ફરમાનો અમર બગૈર અને આપની શહાદતની મોહર બગૈર લખી શકે નહીં. મિસાલના તૌર પર ઈસ્લામ ના અરકાનમાંથી એક રૂકન-પાયો વુઝૂ-તહારત-ગુસ્લનો છે. તેની અદબો અને તરતીબ ૧૪૦૦ સાલથી એક જ છે. આટલી દરાઝ મુદ્દત થઈ ગઈ મગર તેમાં ઝર્રા બરાબરનો ફરક પડો નથી. ઈઝાફો-કમી કરવાની ગુંજાઈશ રહી નથી. હમારી વુઝૂની તરતીબ તે જ છે કે, જેની અહલુલ બૈત (અ.સ.) થી (બકીયાહ પેજ નં. ૬ ૫૨)

**નશીલું પાન, પડીકી, ગુટખો, શરાબ, સીગારેટ, બીડી હરામ છે.**

(પેજ નં. ૫ નું બાકી)

હિદાયત આપવામાં આવી છે. આ અસલીયત બાકી રહેવવાનો સબબ એ જ છે કે, રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ના ઈન્તેકાલ પુર-મલાલ બાદ બેશુમાર સહીફાઓ લખાઈ ચુકેલા છે, મગર ઈમામ યા નાઈબે ઈમામની રઝા બગૈર તેને શાયેઅ કરવાની મનાઈ હતી અને હક્કના મુમેનીનને તેને પઢવાની ઈજાઝત ન હતી.

૫૩૨ હિ. બાદ યમનમાં જે વક્ત હમારી તૈયેબી દાઅવતનો સૂરજ રોશન થયો અને ઈમામના સતરમાં જાવા બાદ અહલુલ બૈત (અ.સ.) ના મઝહબનો પરચમ લહેરાયો, તે વક્ત ઈમામે હક્કનું મુમેનીન દરમિયાન જહાનમાં ઝાહિરમાં યા બાતિનમાં હોવું અને ઈમામતના દરજાને લગતા અહમ અકીદાની સાબિતી, ખુલાસા અને બયાનાત વાસ્તે સવાલો ઉઠવા લાગા. યમન અને મિસિરના શહેરોમાં ઈમામે હક્ક્ક વાસ્તે સહી માઅલૂમાત ના રાખનાર લોગો એતેરાઝાત કરવા લાગા. ખાસ કરીને બગદાદના અબ્બાસીઓ, સ્પેનના અમવીઓ, ઝૈદીઓ, મજીદીઓ અને નઝારીઓએ **તૈયેબી દાઅવત પર ઇલ્ઝામ-તરાશી અને બોહતાન-દેહી ની નાપાક કાવિશો અને કોશિશો શરૂ કરી દીધી.** અહલે હક્ક, દાઅવતના મોઅતકેદીન મુમેનીનના અકીદા, ઈમાન અને યકીનને ઠેસ પહોંચાડે એવા નાકાબિલ અલ્ફાઝની ભરમાર કરીને તેઓ હમારા સતરમાં ઈમામો અને એમના દોઆત પર લાંછન, દાગ અને બટ્ટો લગાડવા ફસાદદાર બયાનો અને જૂઠી રિવાયતોથી ભરેલી કિતાબોની તસ્નીફ કરતા થઈ ગયા-લખતા થઈ ગયા. આ કિતાબોને ઈસ્લામી મુલ્કોમાં ફેલાવતા થઈ ગયા.

આ ફરૈબ પાછલનો બદ ઈરાદો એ હતો કે, લોગો બનાવટી વાતો ના સબબ બહેકીને-ગુમ્રાહ થઈને દાઅવતે હક્કના રસ્તાથી મુન્હરિફ થઈ જાય. દીને ઈસ્લામના બુનિયાદી અકીદાઓને છોડી દે, શરીઅતના પાયાઓને ખોખલા કરી દે, જેથી દાઅવતે હાદીયહ યમાનીયહનું નામ-નિશાન બાકી ના રહે. જૂઠ, ઈલ્ઝામ અને બનાવટની હદ તો તે થઈ કે, દુશ્મનોએ એમ વાત ફેલાવી કે, ૨૦ માં ફાતેમી ઈમામ મૌ.આમિર (અ.સ.) નઉઝો બિલ્લાહ કોઈ ઔલાદ બગૈર જ ગુઝરી ગયા છે. બીજા કટ્ટર તારીખ લખનારાઓએ કિતાબોમાં લખી દીધું કે, આપ ઈમામના મહેલમાં દીકરી પૈદા થઈ છે અને ઈમામતનો સિલસિલો તૂટી ગયો છે. **આ તમામ લોગો કે જેના દિલ અને ઝમીર ઝહેરથી ભરેલા હતા,** તેઓ અબ્બાસી ખલીફાઓના દીનાર અને દિરહમના ટૂકડાઓ પર પલતા હતા. આ મુઆમેલો યહાઁ પર બંધ થાતો નથી, મગર રંજની વાત તો એ છે કે, તે ઝમાનના ઈન્સાફ પસંદ અને ઠાવકા અખ્બાર લખનારાઓએ સોચા-સમઝા બગૈર અને હકીકત જાણા બગૈર આ જૂઠી ખબરોને તેમની કિતાબોમાં લખી દીધી. ઝહેર ઓકતી આ કિતાબોની નક્લ, તે પછીના ઈસ્લામી તારીખ લખનારાઓએ પોતાની આઁખો પર પટ્ટી બાંધીને હરફન-હરફન, લફઝન-લફઝન કરી નાંખી અને હમણા તક હમારી ફાતેમી ઈમામતને બદનામ કરવાની હલકી અને નાકામ કોશિશો થઈ રહી છે.

**અકીદો ૨૬ : રિસાલત હક્ક છે. રસૂલનું આવવું અલ્લાહ તરફથી છે.**

રિસાલત વાસ્તે અકીદો એ છે કે, રિસાલત હોવી ઝરૂરી છે, કેમકે અલ્લાહતઆલાએ ઈન્સાનને દિલ અને દિમાગ બખ્શેલું છે, જે બેવે, જિસ્મના બીજા તમામ આઅઝાઓના સરદાર છે. આ બેવેની હુકૂમત પૂરા જિસ્મ પર હોવાના સબબ તેના જૌહરની ખાસીયત અને ચમક છે. યાઅની કે, આ બે આઅઝા સહી હોય તો જ જિસ્મના બીજા હિસ્સાઓની કારકિર્દગી બરાબર અને વક્ત પર થાય છે.

આ મિસાલ એવી છે કે, અલ્લાહતઆલા તેની વહ્ય વાસ્તે તેના બંદાઓ માંથી રસૂલ મબ્ઊસ કરે છે, પસંદ કરે છે, રસૂલ બનાવે છે. આ રસૂલ એના ખાલિકના હુકમને ઈલ્મો હિકમતના સબબ કુબૂલ કરે છે. આ પસંદીદહ સાહેબ

(બકીયાહ પેજ નં. ૭ પર)

**નશીલી હાલતમાં ઈબાદત કરવી હરામ છે.**

(પેજ નં. ૬ નું બાકી)

પૂરા આલમના બંદાઓમાં દિલ અને દિમાગની બરાબરીમાં છે, તેથી એની ઈલ્મ-અક્લની ખાસીયતના જૌહરથી અલ્લહની વહ્ય બંદાઓ પર પહોંચાવે છે જેને રિસાલત કહે છે. રિસાલત બે તરહની હોય છે. : (૧) રિસાલતે ખાસ્સહ અને (૨) રિસાલતે આમ્મહ.

**આમ રિસાલત** તે ઈન્સાનની ફિતરત પર હોય છે. પૈદાઈશી અક્લ અને તબીઅત પર એ ચાલતો હોય છે. ઝિંદગીના આમ મુઆમેલાત ગુઝારવા વાસ્તે આ કાફી હોય છે. આ ચીઝ એને ગલત-સહી, સાચા-જૂઠા, નૈક-બદ, ખૈર-શર માં તમીઝ કરાવે છે. **ખાસ રિસાલત** તે છે કે, જે અલ્લાહતઆલાના પસંદ ફરમાવેલા આકિલ શખ્સ-રસૂલ અને આલે રસૂલને જ લાગું પડે છે. જેમાં જેટલી અક્લી તાકત ઝિયાદહ હોય છે તેટલી જ મિકદારમાં અને ઝૌકથી એ રિસાલત કુબૂલ કરે છે.

આમ રિસાલતને રસૂલે અવ્વલ કહેવાય છે જે અક્લ છે અને ખાસ રિસાલત ને રસૂલે સાની કહેવાય છે જે ઝમાનાના રસૂલ યા નબી છે. રસૂલે સાની યાઅની ખાસ રિસાલતવાલા, રસૂલે અવ્વલ યાઅની આમ રિસાલતની અક્લને બુરાઈઓથી રોકે છે અને એની જાનને ખૂબસૂરત અને આરાસ્તા બનાવે છે. જહાઁ તક, ઈન્સાનની અક્લ રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ના આમદનો ઈકરાર નથી કરી લેતી અને બેવે રસૂલો આપસમાં મિલતા નથી, વહાઁ તક એના ઉપર એની અક્લ મુજબ **શરીઅતના ફરઝો વાજિબ થાતા નથી.** બેવેના મિલા બાદ જો અગર એ ઈન્સાન શરીઅતના આઅમાલ બજાવી લાવતો નથી, તો ખાસ રિસાલતવાલા રસૂલની માઅરેફત બગૈર આમ રિસાલતવાલી અક્લ બૂઠી થઈ જાય છે અને સવાબે અબદીથી બેનસીબ રહી જાય છે.

**મૌ.આદમ સફીયુલ્લાહ (અ.સ.) ના ઝમાનાથી આ સિલસિલએ રિસાલત જારી છે અને જહાઁ તક, આપની નસલ માંથી આખિરી ફર્દ બાકી રહેશે, આ નૂરાની સિલસિલો પણ બાકી રહેશે.**

**રસૂલે અવ્વલ** (રિસાલતે આમ્મહ-રિસાલતે અવ્વલહ) ની હસ્તી પર જિસ્મે ઈન્સાનીનો વુજૂદ હોય છે. આ રસૂલે અવ્વલ ઈન્સાનમાં એના બચપણાથી લઈને એની બુલૂગીયતની ઉંમર તક હર તરહની તબ્દીલી પૈદા કરે છે અને તે અક્લ ઈબ્તેદાઈ મંઝિલમાં હોવાથી ઈન્સાનને ફાયદા-નુકસાન ની સમઝ આપે છે. નૈક-બદની તમીઝો તફરીક કરવું શીખાવે છે. હવે, જે ઈન્સાન પાસે આ રસૂલે અવ્વલ-અક્લ છે એને ફિકર કરવાની છે, ખયાલ કરવાનો છે, પોતાના **અંજામ-આકેબત** વાસ્તે બહેતર તરીકો અપનાવવાનો છે. એને હક્કના રસ્તા પર સાબિત-કદમ રહીને વફાદાર અને બાવકાર રહેવાનું છે. એના દિલના ઈમાનને અને શરીઅતની ભેદની વાતોને છુપાવવાની છે. ઈલ્મને તલબ કરવાનું છે અને અદબનો હર જગા મુઝાહેરો કરવાનો છે.

દુનિયાની ધોકેબાઝીના માહૌલમાં પરહેઝગારી-દીનદારી ઈખ્તિયાર કરવાની છે. અમાનતને તેના હક્કદાર તરફ પહોંચાવવાની છે. સાચું બોલીને ખામોશી પસંદ કરવાની છે. જેટલા ખૈર કામો એનાથી થઈ શકે તેમાં હોશ રાખીને બદ અને રઝીલ કામોંથી બચવાનું છે. મગર, હકીકત એ છે કે, આ તમામ ખસલતો ઈન્સાની અક્લ (રસૂલે અવ્વલ) ખુદની ઝાતથી સમઝવા કાબિલ હોતી નથી. તેથી, તેની સુલાહીયત અને તાકતની કમીથી આ વાતોની તેહ-ગહેરાઈ તક તે ખુદ પહોંચી શકતી નથી. આના સબબ ઈન્સાનને કોઈ રાહનુમા યા હાદીની ઝરૂરત પૈશ આવે છે જે એને તે બતાવે છે કે અલ્લાહતઆલા કઈ વાતથી ખુશ રહે છે અને કઈ વાતથી નારાઝ. આ વાતોની તેહ તક પહોંચ રાખનાર અને સમઝાવનાર સાહેબને જ હમેં **રસૂલે સાની, યા હાદી યા દાઇ યા રૂહાની સરદાર કહીએ છીએ.**

અલ્લાહતઆલા આ રસૂલે સાનીને પોતાના બંદાઓની આખેરત-આકેબત સુધારવા વાસ્તે મબ્ઊસ કરે છે,

(બકીયાહ પેજ નં. ૧૧ પર)

**હરામ ચીઝોને મૂઁહમાં ભરાવીને ઈબાદત કરવી હરામ છે.**

## લફ્ઝી કશ-મ-કશ

| | | | | |
|---|---|---|---|---|
| | | ૧ | | |
| | ૨ | | ૩ | |
| ૪ | | X | ૫ | |
| | ૬ | ૭ | | |
| | | | | |

**❋ ઉભી તરકીબ :**

૧) તમેં કોઈની ----- ફરીયાદ સાંભલશો, તો ઝરૂર તમારો રબ તમારા પરથી ફિકરનો બોઝ દૂર કરશે. (૨)

૨) ઈન્સાની દોઆને મોહર મારવા ---- કહેવું પસંદીદહ છે મગર તે જ ચીઝને કલામે ઈલાહી પાછલ કહેવું ગૈર-લાઈક છે. (૩)

૩) તમેં તે ઈમારતે મુબારેકહ કે જે કિબ્લએ હક્ક છે, તેને ----- દો છો કે જેમાં વસીએ હક્ક પૈદા થયા. (૩)

૭) હર ગુનાહની સઝા હોય છે, તો હર નૈકીની ---- હોય છે. (૨)

**❋ આડી તરકીબ :**

૨) તમારી ------ માં હોવું જોઈએ કે, હર જોમોઅહના દિન નમાઝ વાસ્તે ઘરથી મસ્જિદ તરફ જાતા ઈત્ર લગાવવું જોઈએ. (૩)

૪) અલ્લાહતઆલાના હર અમલમાં કમાલીયત હોય છે અને ઈન્સાનના હર અમલમાં ------- હોય છે. (૨)

૫) તમેં તમારી ઝબાનને ખોલીને ------ કીધી તો તમારા ઝહેનની કિતાબ ખુલી જાય છે. (૨)

૬) ------ માં મૌલાના અલી અમીરૂલ મુમેનીન (અ.સ.) ના રૌઝહ શરીફહ ફરિશ્તાઓની નાઝિલ થાવાની જગા છે. (૩)

**ગયા શુમારાના લફ્ઝી કશ-મ-કશનો ખુલાસો :-**

| | | | | |
|---|---|---|---|---|
| | | અ | | |
| | ખ | બી | સ | |
| ખે | તી | X | બ | રી |
| | બ | શ | ર | |
| | | બ | | |

**નોંધ :** કારેઈનને ઈલ્તેમાસ છે કે, લફ્ઝી કશ-મ-કશ ના જવાબો લખી હમારા એડ્રેસ પર રબીઉલ આખર મહીનાની ૧૦ તારીખ પહેલા પોતાના મોબાઈલ નંબર સાથે મોકલી આપે. સહી જવાબ આપનાર મુમેનીનનો ડ્રો કરવામાં આવશે અને જે નસીબદાર ભાઈનું નામ ખુલશે તેનું નામ ઝાહિર કરવામાં આવશે.

**ખાસ તવજ્જોહ:** મિશ્કાતુલ હાદી દીની અખ્બારમાં આ કોલમ લફ્ઝી કશ-મ-કશ ઘણા વક્તથી ચાલે છે. તેમાં અલ્ફાઝને ગોઠવીને જવાબો આપવાના હોય છે. ઘણી વાર મુશ્કિલ હોય છે, તો ઘણા આસાન પણ હોય છે. કારેઈન પોતાની ઝહેની તાકત અને સુલાહીયત મુજબ જવાબો તલાશ કરવામાં મહેનત કરે છે અને કામિયાબ થાય છે. તવજ્જોહ એ ચીઝનો કે, આ કોલમમાં સવાલો ફક્ત સવાલો જ નથી હોતા. જે પઢનાર ગૌરથી સવાલો પઢે છે તેને ખબર હોય છે કે, અક્સર સવાલોમાં અપની તારીખ, અકીદા અને રસ્મો રિવાજનું રેફેરન્સ હોય છે. સવાલનો શું જવાબ આવે તે એક જુદી બિના છે મગર સવાલ વાંચીને પણ ઘણું બધું જાણી શકાય છે. લેહાઝા, કારેઈન સવાલોને દિલચસ્પીથી પઢે અને જવાબો ઢુંઢવાની બહેતર કોશિશ કરે. ✯

## સાથ સાથ

**ખુશનુમા હે રાહ હમારી, ભાઈ ચલ તું સાથ સાથ,**
**હે જમાઅત હમકો પ્યારી, ભાઈ ચલ તું સાથ સાથ,**
**મિલકે હમને હે સઁવારી, ભાઈ ચલ તું સાથ સાથ,**
**ઝિંદગી તન્હા હે ભારી, ભાઈ ચલ તું સાથ સાથ,**
**સાથ મિલકર યે જમાઅત કો બનાના હે હમેં,**
**દુશ્મનો કે બદ ઈરાદોં સે બચાના હે હમેં. ✯**

**હરામ ચીઝને મસ્જિદમાં સાથે લઈને આવવું હરામ છે.**

## ઈબરતનાક અહાદીસે બની ઈસરાઈલ – બની ઈસરાઈલની સબકઆમોઝ કહાનીઓ
### કિસ્ત - ૫૧

**રૂશ્વતખોર કાઝીની બદનામી-ફઝીહતી અને તૂતા અલ-આબિદની ઇઝ્ઝત-અફઝાઇ**

અલ્લાહતઆલા કુરઆને કરીમમાં ફરમાવે છે કે, તમામ ઈઝ્ઝત તેના વાસ્તે છે અને બંદાના અમલ મુજબ તે ચાહે એને ઈઝ્ઝત બખ્શે અને જેને ચાહે એને ઝિલ્લત બખ્શે. અસ્માએ હુસ્નામાંથી જે નામો ઈઝ્ઝત સાથે જોડાયેલા છે તે "યા અઝીઝો" અને "યા મોઈઝ્ઝો" છે. નૈકીથી કમાયેલી ઈઝ્ઝત હમેશા રહેશે પણ દૌલત, રૂશ્વત, તાકત, ઝુલ્મ, નાઈન્સાફીથી ઉભી કીધેલી ઈઝ્ઝત ઝરા વારમાં ખત્મ થઈ જાશે. તે ઈઝ્ઝત બનાવટી અને જાઅલી હશે. **ઇબાદત, ઇઝ્ઝત, ઇન્સાફ અને ઇતેબાર સાથે-સાથે હોય છે.** અલ્લાહતઆલા ઉપર જેનો ઈતેબાર-તવક્કુલ હશે, તે ઝરૂર ઈબાદત કરશે. જે બંદો ઈબાદત કરશે તે ઈન્સાફથી પૈશ આવશે. જે ઈન્સાફથી પૈશ આવશે તેની લોગોમાં ઈઝ્ઝત પૈદા થાશે.

અલ્લાહતઆલા જે શખ્સને ઈઝ્ઝત બખ્શે તે ઝરૂરી નથી કે, હુશિયાર હોય, દૌલતમંદ હોય, મશ્હૂર હોય યા તાકતવાલો હોય. નાનામાં નાનો શખ્સ કે જે દૌલતથી પસ્ત હોય, ફકીરાના લિબાસમાં ફિરતો હોય, માઅમૂલી દેખાતો હોય, સાદા ઘરમાં રહેતો હોય પણ એના અમલ, વિચાર અને વહેવાર આસમાન કરતા પણ બલંદ હોય, તો તે શખ્સ અલ્લાહતઆલાની નઝરો નિગાહમાં ખૂબ જ અઝીઝ હોય છે, મહેબૂબ હોય છે અને તે સબબ અલ્લાહના નબી-વલી તે શખ્સની ઈઝ્ઝત-અફઝાઈ કરે છે અને એ જ મુજબ એ લોગોમાં કાબિલે એહતેરામ બને છે.

ગયા શુમારામાં હમેં તૂતા અલ-આબિદનો કિસ્સો પઢી ચુકા છે. આબિદની સીરતમાં ઈબાદતો ખિદમતના જૌહર કઈ તરહ હતા તે જાણી ચુકા છે. હવે યહાઁ પર હમેં એક બીજો કિસ્સો જોઈશું કે, જે આબિદના ઈન્સાફ પર ઊભેલો છે. આમાં આબિદનો અદલ અને હુશિયારી ઝલકી ઉઠે છે. તૂતા અલ-આબિદના ઝમાનામાં જ એક રૂશ્વતખોર કાઝી-જજ હતો. હક્કપરસ્ત લોગો એને ઝલીલ અને બનાવટી માનતા હતા. તે જે જગાનો કાઝી હતો ત્યાં એક વારેદાત ગુઝરી. એક શખ્સ ઘોડાને પાલતો હતો. એના પાસે એક ખૂબસૂરત ઘોડાનું બચ્ચું હતું. **એક રાત એ તબેલાને બંધ કરતા ભુલી ગયો અને કોઇ ચોરે એનું કામ કરી દીધું.** તે ખૂબસૂરત ઘોડાનું બચ્ચું ચોરાઈ ગયું.

બિના એવી બની કે, તે ચોરને બચ્ચું ખૂબ પસંદ પડી ગયું. તેને વહેચવાની જગા પર તે બચ્ચાને એક સાલ તક પોતાના પાસે રાખું. તેને બરાબર પાલું અને એના પાસે ગાય હતી તેનું દૂધ પીલાવું. પછી એને બચ્ચાને વેચવાનો ખયાલ આવો, એ સોચીને કે, તે ખૂબસૂરત બચ્ચાની મોટી કીમત આવશે અને તેના માલથી એ વધારે ગાયોને ખરીદી શકશે. ઈત્તેફાક એવો બનો કે, જે વક્ત તે ચોર બાઝારમાં વેચવા ગયો તો ત્યાં તે બચ્ચાનો અસલ માલિક પણ હાઝિર હતો. ફૌરન, માલિકે એના બચ્ચાને પહેચાની લીધું અને ચોરને પકડીને કાઝી પાસે લાવો.

કાઝીએ કીધું કે, "અય માલિક ! તમેં શાહિદો લાવો કે જેથી ખબર પડે કે, આ ઘોડાનું બચ્ચું તમારૂં જ છે." બચ્ચાનો માલિક શાહિદ લાવે તે અરસામાં ચોરે કાઝીને ૫૦ દીનારની રૂશ્વત આપી, જેથી તે કાઝી ચોરના હક્કમાં ફેસલો સંભલાવે. જે વક્ત માલિક શાહિદોને લાવો તો કાઝીએ કોઈની શહાદત કુબૂલ કીધી નહીં અને તમામની વાતમાં કોઈની કોઈ ખામી-નુક્સ નિકાલા. માલિક, કાઝીની વાત સાંભલીને તઅજ્જુબમાં પડી ગયો જે વક્ત તેએ કહ્યું કે, ઈલ્ઝામ પુરવાર થાતો નથી અને જે શખ્સની ગાયનું દૂધ આ ઘોડાના બચ્ચાએ એક સાલ તક પીધું, તે જ તે બચ્ચાની અસલી માઁ છે. **અલ્લાહતઆલા જે ચાહે તે કરી શકે છે.** ગાયના પેટથી ઘોડાનું બચ્ચું પૈદા થઈ શકે છે.

આ ફેસલાથી માલિક અને ચોર દરમિયાન ખૂબ ઝઘડો થયો. લોગોએ બેવેને છોડાવા. ચોરે કહ્યું કે, "મારી

(બકીયાહ પેજ નં. ૧૦ પર)

**શરીઅતે ફરમાવેલી હર હરામ ચીઝ નુકસાન કરે છે.**

(પેજ નં. ૯ નું બાકી)

વાત પર યકીન ના પડતું હોય તો તમેં ખુદ તમારી નઝરોથી જોઈ લો. મારી ગાય આ બચ્ચાની જ માઁ છે. તમેં આ બચ્ચાને છોડી દો, પછી જોવ કે, તે ગાયની તરફ જઈને તેનું દૂધ લે છે કે નહીં!" બચ્ચાને છોડવામાં આવું કે, તરત જ તે ગાય તરફ ભાગું અને દૂધ પીવા વાસ્તે તેને લપકી ગયું. આ જોઈને રૂશ્વતખોર કાઝી પણ ખુશ-ખુશ થઈ ગયો અને કહેવા લાગો કે, **"અય લોગો ! આ માલિક નાહક્ક ઝઘડો કરે છે. મારો ફેસલો સહી છે કે, અલ્લાહતઆલા ગાયથી ઘોડાને પૈદા કરી શકે છે."**

આ બધું થયું તેના બાવુજૂદ લોગોએ કાઝીની વાત કુબૂલ ના કીધી. ગામના બુઝુર્ગોએ કહ્યું કે, "તૂતા અલ-આબિદને આના વાસ્તે તલબ કરવામાં આવે. **એ જે ફેસલો આપશે તે તમામને કુબૂલ-મંઝૂર હશે.**" લોગો આબિદને બોલાવી આવા અને એને આ કઝીયાની તમામ હકીકતોથી આગાહ કરવામાં આવા. આબિદે બચ્ચાના માલિક, ચોર, શાહિદો અને કાઝી સાથે ગુફ્તગૂ કીધી અને ઝઘડાની તેહ તક જાવાની કોશિશ કીધી.

તૂતા અલ-આબિદ લોગોથી મુખાતિબ થયા અને કહ્યું કે, "અય મારા અઝીઝો ! તમેં મને ૭ દિનની મોહલત આપો. હમણા હું કોઈ ફેસલો આપું એવી હાલતમાં નથી. કેમકે, **હું હૈઝદાર છું.**" તમામ એક જ આવાઝમાં બોલી ઉઠા કે, "અય આબિદ ! તમારી અક્લ તો ઠીકાના પર છે ને ! મરદને કોઈ વક્ત હૈઝ આવતો નથી, આ તો ફક્ત બૈરો વાસ્તે હોય છે." આ જ હકીકત હું તમને જણાવવા માંગું છું કે, ગાયના પેટથી કોઈ વક્ત ઘોડો પૈદા થાતો નથી મગર ગાયથી ગાય જ પૈદા થાય છે અને ઘોડાથી ઘોડો પૈદા થાય છે. આ સાંભલીને લોગો ખુશ થઈ ગયા. કાઝીનો ચહેરો પડી ગયો. લોગોએ ચોરને જકડી લીધો અને ચોરે કાઝીને રૂશ્વત આપીને ફેસલો પોતાના હક્ક કરવાનો ઈકરાર કરી લીધો. કાઝીની ખૂબ ફઝીહતી થઈ, લોગો એને પત્થરો મારવા લાગા. એ ત્યાંથી ઝલીલ થઈને નાસી છૂટો, હક્કદારને એનો હક્ક મિલી ગયો અને આબિદની ઈઝઝતમાં ચાર ચાઁદ લાગી ગયા. ☆

---

(પેજ નં. ૪ નું બાકી)

તબીઈ તૌરથી ઈન્સાન ઝિંદા તો હોય છે મગર એના દિલમાં ઈમાને ઈલાહી ના હોવાના સબબ તે મુરદાર બની જાય છે. એક ઝિંદા લાશ જેમ આ દુનિયામાં ઝિંદગી ગુઝારે છે. હવે આ મુડદાનું દિલ જે વક્ત ઈમાન-ઈલ્મથી રોશન થાય છે અને એને **દુનિયામાં આવવાનો મકસદ માઅલૂમ થાય છે, તે વક્ત એ ઝિંદા થઇ જાય છે.** અસલ ઝિંદગી એની તે વક્ત ઈબ્તેદા થાય છે.

હવે ઈમાનદાર બનીને તે શખ્સ અમલની ઝિંદગી ગુઝારે છે. હુકમે ઈલાહી અને ફરમાને શરીઅત મુજબ દિન-રાત બસર કરે છે. મગર હરએક જાનને મૌતનો મઝા ચાખવાનો હોય છે. આ શખ્સે મુમિનને પણ મૌત આવવી લાઝિમ બની જાય છે. મૌત બાદ આખેરત વાસ્તે એ શખ્સ દુનિયામાં ઝાદે તકવા-તૌશએ આખેરત તૈયાર કરે છે. એ મૌતને એક મોટી નેઅમત ગરદાને છે. એના દિલમાં અલ્લાહની પુખ્તા માઅરેફત હોય છે. દુનિયા-આખેરતની હકીકતો એના ઝહેનમાં રોશન હોય છે. બીજા લોગો જેમ જ એને મૌત આવે છે. પણ એ જાણે છે કે, આ મૌત તો આખેરતમાં ઝિંદા થાવાનો ઝરીઓ છે, ઊંચા મકામ હાસિલ કરવાનો પુલ છે. **એ જાણે છે કે, એની મૌત બાદ એની અસલી ઝિંદગી શુરૂ થાશે.** અલ્લાહતઆલા ની હિકમતથી એ દુનિયામાં ઈમાનદાર બનો તો એ એના રબ્બની મુલાકાત કરવા મુશ્તાક હોય છે. એની અસલી જગા પર પહોંચવા ખ્વાહિશમંદ હોય છે.

ઈમાનના સાહેબો એને એના રબ્બ તરફ પહોંચાવવામાં વસીલો બને છે. ઝાદે તકવા હોવાથી એના રબ્બ એને ખુશી-ખુશી મિલે છે અને જન્નતની નેઅમતોના દરિયામાં એની કિશ્તીને જારી કરી દે છે. ☆

**હરામ ચીઝ હર અમલમાં બિગાડ પૈદા કરે છે.**

(પેજ નં. ૭ નું બાકી)

એને પસંદ કરીને રિસાલત સોંપે છે. આમ ઈન્સાનોથી એને ખાસ સુલાહીયત બખ્શે છે, ખયાલની પાકીઝગી બખ્શે છે. આના સબબ એને મુમ્તાઝ કરીને પોતાના વહ્યને કુબૂલ કરવા લાઈક બનાવે છે. એના પર તાઈદે ખાસ નાઝિલ કરે છે. ઈન્સાનને વાસ્તે આ દુનિયાના ઘરના અલાવા એક બીજું ઘર પણ છે કે, જેના મુતઅલ્લિક હક્ક્કતઆલા ફરમાવે છે કે, હમેં રસૂલોને નથી મોકલતા પણ તેઓ મુબશ્શિર-મુન્ઝિર હોય છે. મુબશ્શિર યાઅની જન્નતની ખુશખબરી આપવાવાલા અને મુન્ઝિર યાઅની અઝાબે જહન્નમથી ડરાવવાવાલા. ખુશખબરી અને ડર બેવે મુખ્તલિફ ચીઝો છે જે જઝા અને સઝા સાથે તઅલ્લુક રાખે છે. જઝા અને સઝા ઈન્સાનને એના બીજા ઘરમાં દારે આખેરતમાં એના અમલ મુજબ મિલશે. આ હકીકતને સમઝાવવા વાસ્તે ઈન્સાનને રસૂલે સાનીની સોહબત કરવી પડે છે. તો જ એ સમઝી શકે છે કે, દુનિયાના ઘરમાં અને આખેરતના ઘરમાં શું ફરક છે ?

હમેં યાદ અપાવીએ છીએ કે, **રિસાલતે અવ્વલહ-આમ્મહના સાહેબ રસૂલે અવ્વલ** યાઅની અક્લના નૂર અને ખૂબીથી તે જ શખ્સ ફાયદો હાસિલ કરી શકે છે જે **રિસાલતે સાનીયહ ખાસ્સહના સાહેબ રસૂલે સાની** યાઅની મોહંમદ રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ની શરીઅતને કુબૂલ કરે. જો અગર રિસાલતનું નૂર ના હોત, તેમાં તાસીર ના હોત અને તેનો જમાલ ઈન્સાની તબીઅતમાં મરકઝીયત-સેન્ટર ના રાખતો હોત, તો રસૂલે સાનીથી કોઈનો પણ મૈલજોલ ના થાત અને આપથી કોઈ ઈમાન ના લાવેત. આ દુનિયા તે તકાઝાઓ અને મુતાલેબાતનું ઘર છે. ઈન્સાનની તબીઅતો આ માંગોથી ઘેરાયેલી છે. રસૂલુલ્લાહ બાવાજી આ માંગોને પૂરી કરવામાં ઘણા જ સખ્ત હતા, કેમકે **શરીઅત બધી માંગોની ઇજાઝત આપતી ન હતી.** આપ તે તમામ રાહત બખ્શનાર રસ્તાઓમાં રૂકાવટ હતા જે ઈન્સાનને દુનિયાના મૈલ-મિલાપ અને લઝઝતો તરફ લઈ જાનાર હતા.

આપની રિસાલત એક ચિરાગ જેવી હતી કે, જેએ જહાનને રોશન કીધું અને તેની મખ્લૂકની ઝિંદગી-મૌતની હકીકતોને આશકાર કીધી. જે ચીઝો પહેલા ઓઝલ હતી, છુપાયેલી હતી તેને આપે આપના નૂરે રિસાલતથી ઝાહિર કીધી કે, જે જહાનના લોગો વાસ્તે ફાયદામંદ સાબિત થયું. આપના ઝમાનમાં મક્કામાં આપ જ આ પૂરી ખલ્ક પર અલ્લાહના હુજ્જત બના, ઝબાન બના, તરજુમાન બના. ઉમ્મતને વાસ્તે હિકમતના એવા સરચશ્મા બના કે, આપના હકીમાના દરવાઝા માંથી અક્લોને હિકમતનું નૂર મિલું અને તે ચમકીલી થઈ, તેની તરક્કી થઈ. ઈન્સાની જિસ્મમાં જે મુજબ દિલનો મકામ -કિરદાર હોય છે અને તે બીજા જિસ્માની આઅઝાને, તેના અહેસાસાતને જકડી રાખે છે, તેના પર પૂરો કબ્ઝો રાખે છે, તે જ મુજબ **આપ પૂરી ખલ્ક-જહાનના દરમિયાન દિલના મકામમાં રહ્યા** અને અલ્લાહ તરફથી જે ઈલ્મો હિકમત આપને મિલી હતી તેના સરમાયામાંથી પૂરી ખલ્કને ફૈઝયાબ કીધી. તેમાંથી થોડા લોગોને ઝાહિરી ઈલ્મથી અને થોડા લોગોને બાતિની ઈલ્મથી નવાઝા. આ તરહ આપે હિદાયતનો પુખ્તા ઈન્તેઝામ કીધો અને જે રાહોરવીની ઝિમ્મેદારી આપના સિરે હતી, તે આપે ઉમ્મતીઓને સહીહો સાલિમ પહોંચાવી દીધી.

**અકીદો ૨૭ : નબીઓ અને ઇમામો હલાલના નિકાહથી પૈદા થાય છે પણ સિફાહ-બદકારીથી નહીં.**

આ સિલસિલામાં હમારો પુખ્તા અકીદો એ છે કે, નબી યા ઈમામના બાવાજી-દાદાજી સાહેબો કાફિર હોતા નથી અને બદકારી-ગદ્દારીથી પૈદા થયા હોતા નથી. આની મઝબૂત દલીલ એ છે કે, મૌ.ઈબ્રાહીમ ખલીલુલ્લાહ (અ.સ.) એ કાઅબતુલ્લાહની તાઅમીરને બાદ તેને હર નજાસતથી પાક કીધા અને બારગાહે હક્કમાં દોઆ કીધી કે, "અય મારા પરવરદિગાર ! હું એ મારી ઔલાદને એવી વાદીમાં આબાદ કીધી છે જે જગા બંજર છે, તેમાં કોઈ ઝમીની

(બકીયાહ પેજ નં. ૧૨ પર)

**શયતાનનું ઘર હરામ ચીઝને ખાનારના મૂંહમાં હોય છે.**

(પેજ નં.૧૦ નું બાકી)

પૈદાવાર નથી અને તે જગા પર તારૂં પાક ઘર છે". પછી ફરમાવું કે, "અય અલ્લાહતઆલા ! તું તે લોગોમાંથી એક રસૂલને મબ્ઊસ કર જે તારી આયતોની તિલાવત કરે."

તે બાદ બાવાજી-દીકરા યાઅની મૌ.ઈબ્રાહીમ - મૌ.ઈસ્માઈલ, એમ બન્નેએ મિલીને બયતુલ્લાહિલ હરામ બનાવા અને હાથ ઊંચા કરીને દોઆ કીધી કે, હમારા પરવરદિગાર ! હમને બેવેને મુસલમાન બનાવ અને હમારી ઔલાદને પણ મુસલમાન કૌમ બનાવ યાઅની કે, ઈતાઅતગુઝાર બનાવ. તે બાદ પાછી દોઆ કીધી કે, હમારા પરવરદિગાર ! તે લોગો માંથી જ તું એક રસૂલને મોકલ જે તેઓમાં તારી આયતોની તિલાવત કરે, બુરાઈઓથી પાકો સાફ કરે, **કિતાબ-હિકમતને પઢાવે.** સૂરતુલ જોમોઅહમાં પણ અલ્લાહતઆલાએ મક્કાવાલાઓને દરમિયાન બંજર ઝમીનમાં રસૂલને મોકલવાની વાત કહી છે, જે તેઓને પાક કરે અને હિકમત શિખાવે.

અલ્લાહતઆલાએ આ તમામ દોઆઓને તેની બારગાહમાં લફઝન-લફઝન કુબૂલ ફરમાવી અને જે રસૂલ-નબી ઝાહિર થયા તે હકીકતન મોહંમદ રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) જ છે. આપ મૌ.ઈબ્રાહીમની ઔલાદે પાક માંથી છે કે, જેને અલ્લાહતઆલાએ સિલસિલએ ઈમામત જારી કરવા પસંદ કીધેલા છે. આપ નમાઝને કાઈમ કરે છે અને ઉમ્મત પાસેથી ઝકાત લઈને તેઓના માલને પાક કરે છે, શિર્ક-કુફ્રથી લોગોને બચાવે છે કેમકે શિર્ક તો મોટામાં મોટો ઝુલ્મ છે. **આલે ઇબ્રાહીમ અને આલે મોહંમદ (સ.અ.) ના ઇમામો આ તમામ નાપાકીઓથી પાકો સાફ છે** અને આ તે જ વક્ત મુમ્કિન થાય કે, જે નુત્ફાથી આ ઈમામો પૈદા થયા હોય તેમાં એક ઝર્રા બરાબર પણ શિર્ક-કુફ્રનો અસર ના હોય. મગર તેઓ કામિલ મુમિન હોય, ઝમાનામાં અશરફ, આઅલા અને મકબૂલે ખલ્ક હોય. તમામ અખ્લાકી, શરઈ અને જિસ્માની નાપાકીઓથી મુબર્રા અને ચોખ્ખા હોય.

આ અકીદાના સિલસિલામાં હમેં એમ કહીએ છીએ કે, હમારા રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ના આબાઓ અજદાદ, મૌ. અબ્દુલ મુત્તલિબ (અ.સ.) ના બાવાજીઓ હતા. આ તમામ ના બાવાજીઓ મૌ.ઈસ્માઈલ ઝબીહુલ્લાહ (અ.સ.) છે, જેની પાક નસલના સબબ રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) તક નુબૂવત અને ઈમામતની નેઅમત-તહારત પહોંચી છે. યાઅની કે, મૌ.અબ્દુલ મુત્તલિબ (અ.સ.), આપના બે ફરઝંદો મૌ.અબ્દુલ્લાહ અને મૌ. અબૂ તાલિબ (અ.સ.), તેમજ આ તમામના બાવાજી મૌ. હાશિમ (અ.સ.) અને બૈરાઓમાં નબી સાહેબના માઁ સાહેબા આમેનહ બિન્તે વહહાબ અને ઝવજહ મૌ.ખદીજહ બિન્તે ખુવૈલિદ (અ.સ.), **આ સાહેબો પોતાના વક્તમાં ઇમાનો તવક્કુલમાં કામિલ હતા, મુખ્લિસ હતા,** આઅલા-અશરફ મરાતિબવાલા હતા અને તેઓ જાહિલીયતના ઝમાનમાં પણ અહલે કુરૈશની બુતપરસ્તી અને શિર્કની ગંદકીઓથી બચતા હતા.

આલે ઈબ્રાહીમ અને આલે મોહંમદ (સ.અ.) ના અખ્બાર-આસાર પરથી માઅલૂમ પડે છે કે, રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ના બાવાજી સાહેબ મૌ.અબ્દુલ્લાહના ચહેરા પર ઈમામતનું નૂર નુમાયા હતું અને આપના દાદાજી સાહેબ મૌ.અબ્દુલ મુત્તલિબના હાથ પર આબે ઝમઝમ આશ્કાર થયું હતું. મક્કાના હરમમાંથી આપના આબાઓ અજદાદના હથિયારો અને બીજી તબર્રૂકાત મિલવાનો એઅજાઝ ઝાહિર થયો હતો. અસ્હાબુલ ફીલનો મોઅજિઝો, મૌ.અબ્દુલ્લાહની જગા પર ૧૦૦ ઊંટોને કુરબાન કરવાનો મોઅજિઝો, કાઅબાના દામનમાં મૌ.અલી અમીરૂલ મુમેનીન (અ.સ.) ની વિલાદતનો મોઅજિઝો, **તારીખના સફહાતમાં મશ્હૂરો માઅરૂફ છે.** સીરત-તફસીર-હદીસની કિતાબમાં આ તમામ ચીઝ બયાન કરવામાં આવી છે, જેનો આજ તક કોઈએ ઈન્કાર કીધો નથી.

(બકીયાહ પેજ નં. ૧૩ પર)

**નશીલી ચીઝો રોઝીને તંગ બનાવી દે છે.**

(પેજ નં. ૧૨ નું બાકી)

રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) એ મૌ.અલી (અ.સ.) ને મુખાતિબ થઈને ફરમાવું હતું કે, "અય અલી ! હું અને તમેં એવી બે હસ્તીઓ છે કે, જે જાહિલીયતની કોઇ નાપાકીથી વાબિસ્તા થયા નથી અને વિલાદતની નાપાકી હમને અડી નથી." મૌ.અલી (અ.સ.) એ પણ ફરમાવું કે, "હું નિકાહની પાકીઝગીનો નતીજો છું, **સિફાહની ગંદકીમાંથી મારો વુજૂદ નથી.**" મૌ. આદમથી તમામ અંબિયાની આ નૈક સિફત રહેલી છે. નબી સાહેબ ફરમાવે છે કે, "મારા બાવાજી સાહેબ અને માઁ સાહેબાએ મારી વિલાદત કીધી અને મારી પરવરિશ કીધી ત્યાં તક મને જાહિલીયતની નાપાકીથી પાલો પડો નથી. હમેં ઈઝઝતદાર લોગોની પીઠમાંથી પાકીઝા રહેમ-પેટમાં નક્લ થાતા રહ્યા, યહાઁ તક કે હમારો વુજૂદ મૌ.અબ્દુલ મુત્તલિબ (અ.સ.) ની પીઠમાં ઠહરો, **તેથી જ હમેં તૈયેબ છે, તાહેર છે અને કુફ્ર-શિર્કની ગંદકીથી પાકીઝા છે.**"

આ તરહના અખ્બાર કુરઆને કરીમમાં અલ્લાહતઆલા નૂહ નજીયુલ્લાહ ના ફરઝંદ વાસ્તે અને ઈબ્રાહીમ ખલીલુલ્લાહની પૈરવી વાસ્તે ફરમાવે છે. તેથી એ જાઈઝ થાતું જ નથી કે, કોઈ પણ ઝમાનમાં અલ્લાહના હુજ્જત અને અસ્હાબે રૂશ્દો હિદાયતનો તઅલ્લુક શિર્ક યા કુફ્રથી હોય. અલ્લાહતઆલાએ મૌ.આદમ, મૌ.નૂહ, આલે ઈબ્રાહીમ અને આલે ઈમરાનને નુબૂવત વાસ્તે પસંદ કીધેલા છે અને બકીયહ નબીઓને ઉપર મઝકૂર નબીઓની ઔલાદમાંથી ખાસ કીધેલા છે.

કુરઆને કરીમમાં બયાન આવેલું છે કે, "યુખ્રેજુલ હય્યા મિનલ મૈયેતે", યાઅની કે, નિકાલે છે અલ્લાહતઆલા મુરદારમાંથી ઝિંદાને. આ આયતમાં હય્યુનની માઅના મુમિનની થાય છે અને મૈયેતની માઅના કાફિરની થાય છે. મતલબ કે, કાફિરથી મુમિનને પૈદા કરે છે. આ ચીઝ આમ લોગો વાસ્તે જાઈઝ થાય છે મગર બિલ-ખુસૂસ નબીઓ કે ઈમામો વાસ્તે આ આયતની આ મુજબની માઅના સાચી ઠહેરતી નથી. અલ્લાહતઆલાએ આ મરતબાના સાહેબોને તે ફઝીલત બખ્શી છે કે, **તેઓ મુશ્રિક યા કાફિર મરદ-બૈરોથી પૈદા થઇ શકતા નથી.** મગર આ વાત સાબિત છે કે, તેઓ માંથી કુફ્ર કરનાર પૈદા થઈ શકે છે, જેમ નૂહ નજીયુલ્લાહનો ફરઝંદ.

આ મિસાલમાં બાવાજી અસલ છે અને દીકરો ડાલી છે. નબી યા ઈમામના ફરઝંદ જે ડાલી છે તે કાફિર બની શકે છે પણ બાવાજીનું અસલ તો ઈમાન પર જ બાકી રહે છે. કેમકે, અલ્લાહતઆલાએ ખબીસ યા તૈયેબ, બેવે ઝમીનોમાં અને તેમાંથી થાતી પૈદાવારમાં ઈમ્તિયાઝ મુકેલો છે. તે જ મુજબ આમ લોગો અને નબીઓની પૈદાઈશમાં ફરક અને ફઝીલત મુકેલી છે.

જો હમારા નબીઓ-ઈમામોની પૈદાઈશ નિકાહશુદા રિશ્તાથી અને પાકીઝગીની બુનિયાદ પર હોય તો આપના મુખ્લેસીન મુમેનીનની પૈદાઈશ પણ આપની સીરત પર જ હોય. ઈમામુઝઝમાન (અ.સ.) આજે હમારા દરમિયાન રૂહાની દરજાના માલિક છે અને હમારા ઈમાનના ખુલાસા છે. **આપ અને આપના દાઇની ખુશીના નિકાહ અને રિશ્તો જ જાઇઝ, પાક અને તૈયેબ કહેવાય.** હમારી અલવી જમાઅતના ફર્દ-મેમ્બર વાસ્તે આ એક રોશન હકીકત છે. આ સિવાય તમામ સિફાહ છે અને જો કોઈ રિશ્તો ઈમામુઝઝમાન (અ.સ.) ની રઝા બગૈરનો બને તો તે ખુલ્લમ ખુલ્લા ઝિના અને ફહેશ તઅલ્લુકાત છે. હકીકી મુમિન કોઇ વક્ત ઝિના નથી કરતો અને ઝાની કોઇ વક્ત મુમિન બની શકતો નથી. ઈમામુઝઝમાન (અ.સ.) ની બરકાતથી આજે હમારા દરમિયાન સુન્નતે નિકાહ ઝિંદા અને સમાજી ઝીનત છે. ✯

**હર તે ચીઝ જે હરામ છે તે પૂરેપૂરી હરામ છે.**

## મકામે અલીયુલ મુરતઝા (અ.સ.)

અલ્લાહ કા મકામ અલી કા મકામ હે,
હમનામે હક્કતઆલા મેરે શેહ કા નામ હે,
ઈસ નામ પર નિસાર દો આલમ તમામ હે,
યે નામે પાક લેને સે કામ ઈખ્તેતામ હે.
અસ્મા તમામ હક્ક કે ભરે હૈં યે નામ મેં,
હે જલ્વાગર યે નામે મુબારક અનામ મેં.
હે કુદસીયોં કે ઝૈવરે લબ નામે મુરતઝા,
કુલ કી નજાત કા હે સબબ નામે મુરતઝા,
મુશ્કિલ કે વક્ત લેતેં હૈં સબ નામે મુરતઝા,
કૌમે નુસૈરીયોં કા હે રબ નામે મુરતઝા.
દોનોં જહાઁ કી પરવરિશી મુરતઝા સે હે,
આઅદા કો ગમ, મોહિબ્બ કો ખુશી મુરતઝા સે હે.
હુબ્બે અલી બગૈર કિસી કી નહીં નજાત,
હે રિશ્તાકારી દોનો જહાઁ કી અલી કે હાથ,
ક્યુઁ કર અલી હે બારી કા હમ-ઝાત હમ-સિફાત,
ઈસ વાસ્તે નજાત હે હુબ્બે અલી કે સાથ.
અલ્લાહ ક્યા અલીયે વલી કા કમાલ હે,
માનિંદે ઝુલ જલાલ અલી કા જલાલ હે.
હુબ્બે અલી સે ખુલ્દમેં આદમ ને પાઈ જા,
હુબ્બે અલી ને નૂહ કી કિશ્તી કો દી નજા,
ઔર આગ કો ખલીલ કી ઉસને હે દી બુઝા,
હુબ્બે અલીને મૂસા કો દી ફત્હ જાબજા.
હુબ્બે અલી સે ઈસા ભી મોઅજિઝનુમા હુએ,
બાની નબી કે દીન કે શૈરે ખુદા હુએ.
જુઝ હુબ્બે શેહ ન હોગા કોઈ યહાઁ સે મુરતકી,
હયદર કા જો મોહિબ્બ હે વો હે અસ્લ મુત્તકી,
જો કોઈ અદૂ શેહ કા હે વો હે બડા શકી,
કહેતા હું મૈં પુકાર કે યે બાત અઝ નકી.
જો મોઅતકિદ નહીં હે અલી કે કમાલ કા,
હર બાલ ઉસ કે તન પે હે ગોયા વબાલ કા.
મદ્દાહ શેહ કી મદહ કા રબ્બુલ જલીલ હે,
હદીયહ ખુદા સે શેહ કે લીએ સલસબીલ હે,
શેહ કે તલામિઝો મેં સે એક જિબ્રઈલ હે,
દર વસ્ફ શેહ કે મુસ્હફે ખાલિક દલીલ હે.
વસ્સાફ ખુદ ખુદા હે મેરે શેહ કી શાન કા,
ઈદરાક દૂર ઈસ સે હે વહેમો ગુમાન કા.
કાગઝ હો આસ્માન, સિયાહી હો આબે યમ,
કાતિબ ફરિશ્તેં હો ઔર અશ્જાર હો કલમ,
તો ભી ન હો તમામ સનાએ શહે ઉમમ,
હયરાઁ હૈં શેહ કી વસ્ફ મેં ઈમ્લાકીયાઁ બહમ.
હમ્દે ખુદા હે મન્કબતે મુરતઝા અલી,
મુસ્હફ મેં રહે રકમ સિફતે મુરતઝા અલી. ✯

---

(પેજ નં. ૨ નું બાકી)

ના તમેં કોઈ ચીઝ ખાશો ના પીશો ! મગર તમેં તો આ સાહેબ સાથે જમવા બેસી ગયા ! મૈં કહ્યું કે, અય શખ્સ ! મૈં એ મારા વાઅદાને નિભાવો છે. મૈં તુંને દાબ્બહ બતાવી તો દીધા !" યાઅની કે, **મૌ. અલી જ દાબ્બતુલ અર્ઝ છે.**

તો, અય મુમેનીન ! દાબ્બતુલ અર્ઝ તે ઝમીનની અજાએબાત માંથી છે. આ હમારા અલીયુલ મુરતઝા, મઝહરૂલ અજાએબે વલ ગરાઈબ છે. મોઅજિઝાત-કરામાત ના મઝહર અને દરિયા છે. રજબુલ મુરજ્જબના આપ માલિક છે. રજબ માં અજબ મોઅજિઝાત છે. રજબ તે ઈબાદતની ઝમીન છે. હર મુમિનને આ ઝમીનથી ફાયદો લેવો જોઈએ અને તેમાં સવાબની ફસલ ઉગાવવી જોઈએ. આખેરત વાસ્તે બહેતરીન કમાણી કરવી જોઈએ. આકા અલીના દાઈ સૈયેદના સાહેબ (ત.ઉ.શ.) ની પણ હમને આ જ નસીહત છે, સબક છે અને હિદાયત છે. ✯

## ગિરા હુવા પત્તા, જમાઅત કા ખારિજી

**દરખ્ત પે ફૂલ બડા હી હસીન દિખતા હે,**
**વો અપને ખુશ્બૂઓ રંગ સે અઝીઝ લગતા હે,**
**દરખ્ત સે હો કે જુદા ખાક પે હો ગિરતા હે તબ,**
**નઝર મેં સબ કી હો બેહદ ઝલીલ બનતા હે. ✯**

**નશો કરનારના આઅમાલ ઝાયેઅ થઈ જાય છે.**

**મુમિન તે મુમિન જ ના કહેવાય કે, એની કુરઆન પઢવાની જગા નાપાક હોય.**

(પેજ નં. ૩ નું બાકી)

લોંડી આપ મૌલાને કહેવા લાગી કે, અલ્લાહતઆલા ફરમાવે છે કે, વલ્લાહો યોહિબ્બુલ મોહસેનીન, યાઅની, અલ્લાહ એહસાન કરનારાઓને ચાહે છે. આપ મૌલા તો અહેસાનના સરચશ્મા છો. આપની નઝરે ઈનાયત મારા ઉપર હર ઘડી રહી છે. આપે ફરમાવું કે, "અન્તે હુર્રતુન લેવજહિલ્લાહ", તું અલ્લાહતઆલાના ખાતિર હવે આઝાદ છે. આ ઈમામી કલામ સાંભલીને તે લોંડી ખુશ-ખુશ થઈ ગઈ.

ઈમામ આલી મકામે આ કિસ્સામાં ત્રણે આઅમાલ કરી બતાવા. તે છે, ગુસ્સાને પી જાવું, મુઆફ કરી દેવું અને ફી સબીલિલ્લાહ આઝાદ કરી દેવું. આ તરહ બેમિસાલ અમલ કરનાર ઈમામે આલે મોહંમદ (સ.અ.) સિવાય બીજું કૌન હોય શકે ! આપ જ ખલ્કના હાજિતરવા અને ફરઝંદે લાફતા છો. ☆

**મુશ્કિલ અલ્ફાઝ :**

ગફલત - ચુક, લાઈલ્મી
લમહાત - વક્ત
જારી થાવું - નિકલવું
અમત - ખાદેમહ, લોંડી
ખતા - ભુલ
સરચશ્મા - સ્ત્રોત, નિકલવાની જગા
ઈનાયત - કરમ
ખાતિર - વાસ્તે
આઅમાલ - અમલો
ખલ્ક - દુનિયાના લોગો
હાજિતરવા - હાજિતો પૂરી કરનાર
લાફતા - મૌ.અલી (અ.સ.) નો લકબ ☆

## અમલ હી ઝિંદગી

**કહાઁ યે ચાહતા હે કોઈ ઝિંદગી બિગડે,**
**ગમો મલાલ કા પંજા કભી ઉસે જકડે,**
**મગર અમલ હી બનાતા હે ઝિંદગી અપની,**
**અમલ હો ખૈર તો કૈસે ઉસે કોઈ પકડે. ☆**

## તિજારત


**યા અલી મદદ**
" વ્હોરા આલમમાં " ટોપી " નું રાજ, જાણે શોભે મસ્તકે તાજ "
**ભાઈસાહેબ ઈબ્રાહીમ**
**સરનામું :** વાડી બદરી મોહલ્લા નાકા, વડોદરા-૧૭.
**આવી રહેલા ઇબાદતના મહિનાઓની તૈયારી રૂપે અમારે ત્યાં મનપસંદ ડીઝાઇનોમાં દરેક પ્રકારની ટોપીઓ મળશે.**
**સમય : સાંજે ૫ થી ૮ / મો.: ૯૪૨૭૮૪૧૧૨૩** ☆

**ફેન્સી અને મેચીંગ દુપટ્ટા સેન્ટર**
**" ઝૈબાઈશ "**
બી-૧૨, ગાયકવાડ પ્લાઝા, અલ્માસ માર્કેટ સામે, પાણીગેટ, વડોદરા.
**નઝીરઅલી ભાઇસાહેબ - મો.: ૯૯૭૪૧૫૭૫૬૬** ☆

**હજારીવાલા મોબાઇલ**
**અદનાન - ૯૭૧૪૪૩૦૩૧૯**
**અબ્બાસ - ૯૭૧૪૪૩૦૩૧૪**
**દરેક જાતના મોબાઇલ સેલ્સ અને રીપેરીંગ તથા R.T.O. નું ઓનલાઇન કામ કરી આપવામાં આવશે.**
નૂરાની મસ્જીદ સામે, બદરી મોહલ્લા નાકા, વાડી ટાવર, વડોદરા. ☆

**એ-વન બ્યુટી પાર્લર**
**આઇબ્રો, ફેશીયલ, બ્લીચ, હેર કલર, હેર સ્પા, ક્લીન અપ, બોડી મસાજ, હેર મસાજ, નોર્મલ મેકઅપ, હેર સ્મુથીંગ, હાઇલાઇટ, બ્રાઇડલ મેકઅપ, મેની ક્યોર, પેડી ક્યોર.**
૬, અલી ચેમ્બર નં. ૧, તૈયબી મસ્જીદ પાછળ, રામપાર્ક, આજવા રોડ, વડોદરા.
**સકીનાબેન - મો.: ૮૧૬૦૯૦૫૦૮૦** ☆


**બાત :**

બાત ઐસી હો કે, ઉસકી બાત હો હર બાત મેં,
બાત જબ બન જાએ, તો ઉસ બાત કી ક્યા બાત હે. ☆

**બદ :**

ઇતના શુઊર ચાહીએ કે બદ કો બદ કહેં,
વરના, શરાબ દિખતી હે શરબત હી કી તરહ. ☆

**ઘરના મોટા નશો કરતા હોય, તો તેનો બદઅસર ઔલાદ પર પડે છે.**

## મૌતની આમદ

સાહેબે ઝુલફિકાર મૌ.અલી અમીરૂલ મુમેનીન (અ.સ.) ને પૂછવામાં આવું કે, અય મૌલા ! હમેં મૌત વાસ્તે શું તૈયારી કરીએ ? શું મૌત હમારી ખ્વાહિશમંદ છે કે, હમેં મૌતના ખ્વાહિશમંદ રહીએ ? આપ મૌલાએ જવાબ આપો કે, જો તમેં મૌત વાસ્તે પૂરી તૈયારી કરશો તો મૌત તમારી ખ્વાહિશમંદ થાશે. **મૌત શૌકથી તમારા નઝદીક આવશે.** જે ચીઝ શૌક અને ખૂશીથી થાય છે તે વાસ્તે ઈસ્તિકબાલ પણ થાય છે. તો શૌકથી આવનાર મૌત ને બાદ તમારો ઈસ્તિકબાલ પણ થાશે. જે તરફથી મૌત આવશે તેની હઝરતમાં તમારો ખૈરકદમ થાશે. પણ તેના વાસ્તે તમારી તૈયારી હોવી જોઈએ.

મૌતની તૈયારી વાસ્તે પહેલામાં પહેલા તમેં તમારા ફરઝોને અદા કરો. બીજાને સવાલ કરતા પહેલા તમેં ખુદ તમારી ઝાતને સવાલ કરો કે, શું તમારા કોઈ ફરઝ બાકી તો નથી ને ? જો આ વાસ્તે તમારા પાસે કોઈ માઅકૂલ જવાબ ના હોય તો તમેં તમારી ઝિંદગીના બાકી રહેલા દિવસોમાં તે તમામ ફરઝો અદા કરવાની કોશિશ કરો. **તમેં તમારૂં કામ કરો, બીજા એનું કામ કરશે.**

પછી તમેં મહારિમ-નાપાકીઓ, હરામના કામો, શયતાની આઅમાલથી દૂર રહો. તમારા પગમાં જે વક્ત કોઈ ચીઝ વાગે છે તો તમેં ચાલવાથી બેઝાર થઈ જાવ છો. મજબૂર-લાચાર થઈ જાવ છો. તે જ મુજબ હરામના કામો તમારી બહેતર ઝિંદગીની રફતારને રોકી દેશે અને તમેં ગલત રસ્તાઓમાં ખોવાઈ જાશો. **હરામના કામો જાનને ગંદી કરી દે છે.** પછી તે જાનમાં મૌત વાસ્તે ડર પૈદા થાય છે. પાકીઝા જાન મૌત વાસ્તે ખુશીનો ઈઝહાર કરે છે.

પછી તમેં તમારી આદતોને અચ્છા અખ્લાકથી ઝીનતદાર કરો. તમેં તમારા ઘરને અને જિસ્મને જે મુજબ સજાવો છો, તઝયીન બખ્શો છે, રોનકઅફરોઝ બનાવો છો, તે મુજબ એવી આદતોને તમેં અપનાવો કે, જે અખ્લાકમાં અફઝલો બરતર હોય. દૌલત હોય ને અખ્લાક ના હોય તો તે એવા જવાહેરાત મુજબ છે કે, જેમાં ચમક જ ના હોય. **તમામ પાસે દૌલત હોય છે પણ અખ્લાકની દૌલત મૌત પછી કામ લાગે છે.** બહેતર અખ્લાકનો જાન, મૌત આવવાથી ખુશ થાય છે અને દુનિયામાં એ શખ્સના મિલનસારો એના મૌતથી ગમગીન થાય છે. કેમકે, તેઓને લાગે છે કે, હમેં એક ઉમ્દા જૌહર-ગૌહરને ખોઈ બેસા. હમેં બેનસીબ થયા કે એક ઉમ્દા શખ્સની હમારા નઝદીકથી અછત થઈ ગઈ. ✮

**નોંધ : મિશકાતુલ-હાદી** ના માતહત શાયેઅ થયેલી મૌલાના અલી (અ.સ.) ના કસીદાઓની, સૈ.ફખરૂદ્દીન સાહબ (ક.રૂ.) ની બૈતોના મજમૂઆની તેમજ અહલુલબૈત (અ.સ.) ના નૌહાઓની અને મરસીયાઓની CD મુલ્લાં ઈબ્રાહીમ ટી. બરોડાવાલા પાસેથી કારેઈન હાસિલ કરી શકે છે. ✮

**અકીદા, અમલ, દોઆ, ફાઝિલ દિન-રાત, રસમ વગૈરા વાસ્તે મુમેનીન " અસ-સહીફતુત તૈયેબીયાહ " ને દેવડી પરથી હાસિલ કરીને ગૌરથી પઢે.**

**સાલાના લવાઝેમાત (Yearly Subscription)**
**₹ ૧૦૦/-**
શહરૂલ્લાહમાં વાજેબાતની અદાયેગી વક્તે આપવું.
મેનેજર :- **મુલ્લાં ઇબ્રાહીમ ટી. બરોડાવાલા**
નાઝ બોક્ષવાલાના ઘરને બાજુમાં, બદરી મોહલ્લા, વાડી, વડોદરા - ૩૯૦ ૦૧૭. ફોન : ૯૯૦૪૨૨૧૦૯૦.